| 9. | ‘ભાવનગર સમાચાર’ અને રાષ્ટ્રીય લડત |
|---|---|

## પ્રસ્તાવના :

ભાવનગર રાજ્યમાં રાષ્ટ્રીય ચળવળ મોટાભાગે અહિંસક રહી હતી. ભાવનગર રાજ્યમાં પ્રજા પરિષદની ખાસ બેઠકો મળી હતી જેના દ્વારા ભાવનગર રાજ્ય શાંતિપુર્વક પ્રજાતંત્ર તરફ આગળ વધી રહ્યું હતું અને લોકોએ પણ કોઇ હિંસક બનાવો વગર મહાલોમાં પ્રજામંડળો સ્થાપ્યા હતા. આ પ્રજાપરિષદની બેઠકોમાં બળવંતરાય મહેતા જેવા નેતાઓના વ્યાખ્યાનો પણ આવતા. અને આ પ્રજા પરિષદને પંડિત જવાહરલાલ નહેરુ, શ્રી વલ્લભભાઇ પટેલ જેવા રાષ્ટ્રીય નેતાઓ પણ સંદેશાઓ મોકલતા અને તેમનું વાંચન થતું. અને ભાવનગર રાજ્યમાં સ્વતંત્રતા પૂર્વેજ જવાબદાર ધારાસભાઓ આપી દેવામાં આવી હતી જેની પહેલી બેઠક 1 ડિસેમ્બર 1941 ના રોજ ભાવનગરના મોતીબાગ દરબાર હોલમાં  મળી હતી. આમ છતાં ઇ.સ.1942 માં અમુક હિંસક બનાવો બન્યા હતા. અને લોકો દ્વારા પિકેટિંગના બનાવો બન્યા હતા.

## 9.1 ભાવનગર રાજયના પ્રજાપરિષદની ખાસ બેઠક (મે - 1946)

ભાવનગર રાજય પ્રજાપરિષદની ખાસ બેઠક ભાવનગર મુકામે [તા 14-15 મે 1946] મળી હતી. આ પરિષદમાં મુખ્યત્વે બે મુદ્દાઓની ચર્ચા અને રજુઆત કરવામાં આવી હતી. પ્રથમ  મુદ્દો રાજયમાં ઉત્પન્ન થયેલ અનાજની તંગીનો હતો, આ અંગે તમામ સભ્યોએ સર્વાનુમતે ઠરાવ કર્યો હતો કે, પ્રજાને ખાવા પૂરતું અનાજ અને ખેડૂતને બિયારણ મળવું જોઈએ. યુધ્ધને કારણે રાજયમાં કાપડ અને અનાજની તંગીને નિવારવા રાજય તુરંત પગલાં લે તેવો અવાજ પરિષદમાં ઊઠવા પામ્યો હતો.

પરિષદની બીજી અગત્યની બાબત રાજયમાં જવાબદાર રાજયતંત્રીની હતી. આ અંગે શ્રી બળવંતરાય મેહતાએ તેમના વ્યાખ્યાનમાં કહ્યું હતું કે " લોકોએ સૈકા જૂની નિંદ્રા ઉડાડવી પડશે, આળસ છોડવી પડશે, પ્રજાઅંગમાં દાખલ થયેલા દુષણોને કાઢવા માટે મહાપ્રયાસો આદરવા પડશે". પરિષદે મહાપરિષદના સભ્યો ચૂંટણીથી આ વર્ષે મેળવ્યા છે અને મહાલોમાં પ્રજામંડળો સ્થપાયા છે. પરંતુ આટલું પુરતું નથી, વધારે કાર્યકરો જોઈએ. મહાલોમાં આજીવન સેવકો મેળવવા પડશે. તપ્પા તથા ગામડાઓમાં પ્રતિનિધિઓ સ્થાપવા પડશે. ગામડાથી માંડીને રાજધાની સુધી કાર્યકરો જોઈએ.

આ કાર્ય એક માણનું નથી, થોડા કાર્યકરોનું નથી. તેને માટે સૌએ સક્રિય રસ લેવો જોઈએ. સાથ આપવો પડશે.

બે દિવસની  પરિષદમાં આ બંને પ્રશ્નો પરજ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પરિષદમાં ભાવનગર શહેર અને માહાલોના પ્રતિનિધિઓ એ સારી એવી સંખ્યામાં ભાગ લીધો હતો[1].

## 9.2 'ભાવનગર સમાચાર' અને પ્રજાપરિષદનું છઠ્ઠું અધિવેશન (મે- 1947)

ભાવનગરમાં પ્રજાપરિષદમાં કુલ છ અધિવેશનો મળ્યા હતા. જેમાં અલગ અલગ પ્રજાકીય કાર્યો થયા હતા અને પ્રજાહિતના નિર્ણયો લેવાયા હતા. જેમાં ભાવનગર પ્રજાપરિષદનું આ છઠ્ઠું અધિવેશન હતું. જે ત્રીજી-ચોથી મે 1947ના   રોજ શિહોર મુકામે મળ્યું હતું. ભારતની સ્વતંત્રતાની હવા પુર જોશમાં ફેલાયેલી હતી. જેની, અસર દેશી રાજયોની પ્રજા અને રાજ્ય બંને ઉપર પડી હતી. પરિષદનાં પ્રમુખશ્રીનું ભાષણ, કાર્યવાહી અને ઠરાવો ઉપર હતુ. પરિષદનાં પ્રમુખશ્રીનું ભાષણ, કાર્યવાહી અને ઠરાવો ઉપર તેની સ્પષ્ટ અસર જોઈ શકતી હતી.

પરિષદનાં પ્રમુખ તરીકે શ્રી બળવંતરાય મહેતાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ દિવસોમાં જ ભાવનગર રાજયની ધારાસભાની બેઠક પણ રાખવામાં આવી હોવાથી રાજય સાથે સંઘર્ષમાં ઉતરવાની શકયતાઓ ઊભી થવા પામી હતી. પરંતુ પ્રમુખશ્રી બળવંતરાય મહેતાએ કોઈ સંઘર્ષ ઉત્પન્ન ન થાય તેની તકેદારી રાખી હતી. ભાવનગર પ્રજાપરિષદના આગેવાનો શ્રી હરજીવન કાળીદાસ મહેતા અને શ્રી વેણીશંકર ગો. ભટ્ટે ભાવનગર રાજયની પ્રજાને જાહેર અપીલ કરતા જણાવ્યું હતું કે "ભાવનગર પ્રજાપરિષદની પાંચમી બેઠકમાં પ્રમુખ નામદાર વલ્લભભાઈ પટેલની સલાહ સૂચનથી ધારાસભાનાં પરિષદનાં નેતા શ્રી બળવંતરાય મહેતાએ પક્ષના સભ્યોએ ધારાસભામાં હાજરી આપવી એવો નિર્ણય કરેલો તે માટે બળવંતરાય મહેતા તથા પરિષદનાં આગેવાનોને ધન્યવાદ ઘટે છે. કેમ કે બની શકે ત્યાં સુધી સહકારથી કામ કરવું અને અત્યારના બારિક પ્રસંગમાં અટકાવવું એ બહુ કઠીન છે. કેમકે તેમાં ખૂબ ધીરજ અને કુનેહની જરૂર છે. માટે જ તે કાર્ય કરવા જેવું છે".[2]

આ અધિવેશનમાં શ્રી રસિકલાલ પરીખ, શ્રી જગુભાઈ  પરીખ, શ્રી ભાનુશંકર યાજ્ઞિક, શ્રી જાદવજીભાઈ મોદી વગેરે આગેવાનો અધિવેશનમાં હાજર હતા. લગભગ ત્રણેક હજાર માનવમેદની વચ્ચે પરિષદનું ઉદ્દઘાટન પછી ભક્તિબાએ  દરબારશ્રીએ

લખી મોકલેલું વ્યાખ્યાન વાંચી સંભળાવ્યું. દરબાર સાહેબે તેમના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે " સ્વાતંત્ર્ય પ્રાપ્તિની લાયકાત સિદ્ધ કરવા આપણે એવું કરી ન બેસીએ કે જેથી આપણી સ્વતંત્રતા જોખમાય.કોમી સ્વાર્થનો ત્યાગ કરી અન્નસંકટ અને નાણાંભીડ વચ્ચે આપણે આપનો માર્ગ કરવાનો છે. યાતનાઓ સહ્યા સિવાય સ્વાતંત્ર્ય હાંસલ થતું નથી[3].

આ પછી પરિષદને શુભેચ્છા દર્શાવતા પંડિત જવાહરલાલ નહેરુ, શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી પટ્ટણી સીતારામમૈયા, શ્રી માવલંકરદાદા, શ્રી ખેર અને શ્રી મોરારજી દેસાઈના સંદેશાઓનું વાંચન થયું. સ્વાગત પ્રમુખ ડો.ચુનીલાલ દેસાઈના વ્યાખ્યાન પછી પરિષદના પ્રમુખશ્રી બળવંતરાય મહેતાએ પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે તેમના વ્યાખ્યાનમાં જણવ્યું હતું કે " પ્રજાને સ્થાનિક સ્વરાજ્ય આપવું કે નહીં, મતાધિકાર બક્ષવો કે નહીં, ધારાસભા રચવી કે નહીં, અંદાજપત્ર ઉપર પ્રજાનો અંકુશ સ્થાપવો કે નહીં, પ્રજાના વિશ્વાસુ, અગ્રજનોને મંત્રીમંડળોમાં બેસાડવા કે નહીં, એવા પ્રશ્નો આજે રાજવીઓ વિચારે છે. તેમના સલાહકારો તેમને તેમાં સ્પષ્ટ સલાહ આપે છે. અને મંત્રણાને પરિણામે પ્રજાને અમૂક સુધારા આપવા કે અમૂક બક્ષીશ કરવી એવો નિર્ણય થાય છે. આ ક્રિયામાં ગંગા અવળી વહે છે. ખરેખર તો પ્રજાએ નક્કી કરવાનું છે કે રાજ્યતંત્ર કેવું હોવું જોઈએ.?મંત્રીમંડળની રચના શી રીતે કરવી? ધારા કઈ કઈ પદ્ધતિએ ઘડવા? કર કેવી રીતે નાખવો, કે કાઢવો. રાજાને આપેલું સ્થાન પ્રજા લે એ સ્થિતિ કુદરતી છે. પ્રજાનું આપેલું સ્થાન રાજવી સ્વીકારે એ નૈસર્ગિક ક્રમ છે[4].

બીજે દિવસે ઠરાવો પસાર કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું; તેમાં દેશી રાજયોના એકીકરણ અને જવાબદાર રાજયતંત્ર જેવા ઠરાવો નોંધપાત્ર હતા.આ ઠરાવોની રજુઆતમાં તેના સમર્થનમાં શ્રી ઉછંગરાય ઢેબર, શ્રી રસિકલાલ પરીખ, શ્રી જશુભાઈ પરીખ વગેરેએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ સર્વમાં ઢેબરભાઈનું વ્યક્તવ્ય સચોટ હતું. " દેશનું વાતાવરણ જોતા દેશની પરિસ્થિતિ અને માણસ જોતાં એક જ કામ કરવાનું રહે છે. તે એક ધીમે ધીમે માનસ પરિવર્તન કરવું.[5]"

## 9.3 ભાવનગર રાજયની ધારાસભા

ભાવનગરમાં પણ ભાવનગર રાજય પ્રજાપરિષદના 1939 નાં મે મહિનામાં ભાવનગરમાં મળેલ 5 માં અધિવેશનમાં શ્રી વલ્લભભાઈ પટેલે જવાબદાર રાજયતંત્રનો ઠરાવ પસાર થયો હતો. આમ કાઠિયાવાડના રાજયો જવાબદાર રાજ્યતંત્રની પ્રાપ્તિ માટે થનગની રહ્યા હતા. પરંતુ કાઠિયાવાડના મોટા ભાગના

રાજયોમાં  ઉગ્ર લડત આપવા છતાં તેમના રાજાઓ પાસેથી પ્રજાકીય અધિકારો પ્રમાણ માં બહુજ ઓછા પ્રાપ્ત થાય હતા. ભાવનગર રાજય સૌરાષ્ટ્રમાં મીઠા રાજય તરીકે પ્રસિદ્ધ હતું. પ્રજાકીય અધિકારોની પ્રાપ્તિ માટે પ્રજાની જાગૃતિની ભાવનગર રાજયના શાસકો એ હંમેશા કદર કરી હતી.આથી જ કાઠિયાવાડના દેશી રાજયોમાં જવાબદાર રાજ્યતંત્રની માંગણી  માટે કોઈ ઉગ્ર ચળવળ ભાવનગર પ્રજાકીય આગેવાનોને કરવી પડી નથી. ભાવનગરનાં મહારાજ કૃષ્ણકુમારસિંહજી એ ભારતની બદલાઈ રહેલ રાજકીય પરિસ્થિતિને ઓળખી જઈને [8 જૂન 1940] ભાવનગરના રાજયમાં બંધારણીય સુધારાઓ આપવાની જાહેરાત કરી હતી.

નેકનામદાર હજૂરશ્રીએ પ્રજાને ઉદ્દેશીને હજૂર ઠરાવ નં 43 [20-10-1941] ના ફરમાન અનુસાર જાહેરાત કરી હતી કે "અગાઉ [આઠમી જૂન 1940] ની જાહેરાત અનુસાર રાજયને ધારાસભા આપવામાં આવે છે. આ સભાની પહેલી બેઠક [1 ડિસેમ્બર 1941] મળશે[6].

એ મુજબ [26 ડિસેમ્બર, 1941 ના રોજ] ધારાસભાનો કાયદો પસાર કરવામાં આવ્યો. ધારાસભાઓની કલમો નીચે મુજબ હતી.

1. ધારાસભા 33 ચૂંટાયેલા સભ્યો, 16 નિયુકત સભ્યો, અને 6 હોદ્દાની રુએ આવતા સભ્યોની બનેલી રહેશે. ચૂંટાયેલા સભ્યો પોતાના મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવશે. પણ જ્યાં સુધી ચૂંટણી પદ્ધતિ દાખલ કરવામાં આવશે નહીં ત્યાં સુધી 21 ઓક્ટોમ્બર ના રોજ જે ધારાસભા બોલાવામાં આવે છે તેજ ધારાસભા ચાલુ રહેશે.

2. કાયદાની જોગવાઈઓને આધીન રહીને તેમજ તેમાં થતા નિયમોને આધીન રહીને મહારાજ ધારાસભાના ચૂંટાયેલા સભ્યોમાંથી એક સભ્યને કારોબારીના સભ્ય તરીકે નિયુકત કરશે. જ્યાં સુધી ધારાસભાના સભ્યોની ચૂંટણી ન થાય ત્યાં સુધી ધારાસભાના બિન સરકારી સભ્યોમાંથી આ સભ્યોની નિમણૂંક કરવામાં આવશે.

3. કોઈ પણ બીલ ઘડવા માટે ભવિષ્યના અનુભવી બે સભ્યોની નિયુક્તિ કરવામાં આવશે. આ સભ્યોને મત આપવાનો અધિકાર રહેશે. આ ધારાસભા પ્રથમ બેઠકથી ત્રણ વર્ષ સુધી ચાલુ રહેશે. વર્ષમાં બે વાર મળશે. અને બે સત્ર વચ્ચે 6 મહિનાથી વધારે સમયગાળો રહેશે નહીં.

4. મહારાજ હોદ્દાની રુએ આ ધારાસભાના પ્રમુખ રહેશે. ધારાસભાના સભ્યોમાંથી તેઓ 3 ઉપપ્રમુખોની નિયુક્તિ કરશે. આવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો[7].

પ્રથમ ધારાસભા મળે (1-12-1941) તે પેહલા જાહેર કરવામાં આવ્યું કે, "હાલના સંજોગોને લક્ષમાં લઈને ધારાસભાનાં સભ્યોની ચૂંટણી કરવાને બદલે પ્રજાના પ્રતિનિધિઓને ચૂંટાયેલા સભ્યોની જગ્યાએ આમંત્રણથી નીમવાનું યોગ્ય જણાયું છે[8].

આમ, ભાવનગર રાજયની પ્રથમ ધારાસભામાં ચૂંટણીના બદલે રાજય દ્વારા 33 સભ્યોની નિયુક્તિ કરવામાં આવી હતી. ભાવનગર રાજય પ્રજાપરિષદના આગેવાનોએ તેનો વિરોધ કર્યો હતો. પરિણામે ધારાસભામાં નિયુક્ત થયેલા ભાવનગર પ્રજાપરિષદના પાંચ સક્રિય સભ્યો સર્વશ્રી ડો. કેશવલાલ ઠક્કર, તારાબહેન પારેખ, વ્રજલાલ વોરા, વૈકુંઠરાય લલ્લુભાઇ મહેતા અને લાભશંકર રામશંકરે મહાત્મા ગાંધીજીની આજ્ઞા પ્રમાણે ધારાસભાના સભ્યપદેથી રાજીનામાં આપ્યા હતા[9].

ભાવનગર રાજય ધારાસભાની પ્રથમ બેઠક 1 લી ડિસેમ્બર 1941નાં રોજ મોતીબાગ દરબાર હોલમાં 11:15 કલાકે મળી હતી. જેમાં કુલ 49 સભ્યો હજાર હતા. નાં. મહારાજ કૃષ્ણકુમારસિંહજી એ ધારાસભાના ઉદ્દઘાટન પછી પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. આ ભાષણમાં તેમણે જણાવ્યું હતું કે;

"રાજય વહીવટમાં અમોને અને દરબારશ્રી ને લોકોના પ્રતિનિધિઓના સલાહ અને મદદ મળતા રહે અને તેથી લોકોની જરૂરિયાતો જાણવામાં તેમજ ઉપયોગી કામો કરવામાં સરળતા થાય તે હેતુથી અમારા રાજ્યબંધારણમાં ધારાસભા સ્થાપવામાં આવેલ છે. આજ રોજ ભાવનગર ધારાસભાનો ધારો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે જોતા જણાશે કે અમારા રાજયની પ્રણાલિકાને બંધારણીયરૂપ આપી વધારે પ્રમાણમાં રાજય અને લોકો વચ્ચે રચનાત્મક સહકાર વધતો જાય એ દ્રષ્ટિથી આ ધારાનું ઘડતર કરવામાં આવેલ છે. અને તે આશય ફળીભૂત કરવા તે ધારા અનુસાર તેમાં યોગ્ય ફેરફાર પ્રસંગોપાત થઈ શકશે. આ પ્રસંગે અમારા રાજ્યતંત્ર અને અમારા પ્રજાજનો વચ્ચેની એકતાની પ્રણાલિકા અને ઉદ્દેશ્ય તરફ સર્વનું લક્ષ ખેંચવાની અમોને ઈચ્છા થાય છે[10].

## 9.4 ભાવનગર રાજયમાં અહિંસક ચળવળ :

'હિંદછોડો'-1942 લડત શરુ થતાં જ ભાવનગરની શામળદાસ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ લડતમાં જોડાયા હતા. કોલેજો બંધ કરાવવા માટે કોલેજનાં વિદ્યાર્થીઓ શ્રી રસિક શુક્લ ની આગેવાની નીચે કોલેજનાં દરવાજે ઊભા રહેતા. વિદ્યાર્થીઓને કોલેજમાં આવતા અટકાવતા ભર બપોરે આ રીતે પિકેટિંગ ચાલતું. આ પિકેટિંગ સત્યાગ્રહનાં સેનાનીઓને કોલેજ પ્રિન્સિપાલ શ્રી સહાણી સાહેબ જાતે ઉભા રહી પાણી પીવડાવતા[11].

આવી રાષ્ટ્રીયભાવના સૌરાષ્ટ્રનાં એક માત્ર મીઠા ગણાતા રાજય ભાવનગરમાં જ જોવા મળી હતી. કોલેજો ચળવળને કારણે 9 ઓગસ્ટથી 10 નવેમ્બર 1942 સુધી બંધ રહી હતી. આમ છતાં કોલેજના વિદ્યાર્થીઓ એ પરીક્ષા નિયત સમયેજ આપવાનો આગ્રહ રાખ્યો હતો. કોલેજો બંધ રહેવાના કારણે કોઈ જ વિદ્યાર્થીએ માસ પ્રમોશન કે ઓવરઓલ ઓપ્શન જેવી અજૂગતી માંગણીઓ કરી ન હતી.

ચળવળની શરુઆત થતાં જ શ્રી વજુભાઇ શાહ નું ઘોઘાસર્કલ પાસે આવેલ નિવાસ્થાન ઇન્ક્લાબ લડતના આયોજન માટેનું મુખ્ય કેંદ્ર બની ગયું હતું. લડતના સમાચારોથી પ્રજાને વાકેફ કરવા જંગે આઝાદી નામની પત્રિકા બહાર પાડવાનું કાર્ય શ્રી બાબુભાઇ શાહે ઉપાડી લીધું. આ પત્રિકા નાનુભાઈ ફોટોગ્રાફર જેઓ ઘોઘા સર્કલ પર રહેતા તેમને ત્યાંથી રોજ સાંજે છુપી રીતે બાહર પડતી. નાનુભાઈ જાહેરમાં પોતે ચળવળથી અલિપ્ત છે તેવો દેખાવ કરતા આથી પોલીસ તેમના પર શક કરતી નહીં. મોટાભાગ નાં નેતાઓની ધરપકડ પછી પણ પત્રિકા નિયમિતરીતે બહાર પડતી હતી[12].

સવિનય કાનૂનભંગ (1930) ના નમક સત્યાગ્રહ સમયે ભાવનગર રાજય સત્યાગ્રહી સેનાનીઓની એક યાદી તૈયાર કરી હતી. એ યાદી મુજબના સેનાનીઓની સર્વપ્રથમ ધરપકડ કરવાનું રાજ્યે નક્કી કર્યું. સેનાનીઓના મુખ્યમથક એવા વજુભાઇ શાહના નિવાસસ્થાન 'ઇન્કલાબ' ઉપર પોલીસે દરોડો પાડવાનું નક્કી કર્યું. આ સમયે ત્યાં એક અગત્યની યોજના ઘડાઈ રહી હતી. ભાવનગર રાજયની રેલવેના ગઢેચી વર્કશોપમાં બીજા જગત યુધ્ધ માટે અગત્યની યાંત્રિક સામગ્રી તૈયાર થઈ રહી છે તેવા સમાચાર સેનાનીઓ ને મળ્યા હતા. આથી 30 ઓગસ્ટ 1942 નાં રોજ ત્યાં પિકેટિંગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ પિકેટિંગ કરનાર ટુકડીની આગેવાની શ્રી જગુભાઈ પરીખને સોંપવામાં આવી. પરંતુ બીજા જ દિવસે વહેલી સવારે ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટની કલમ (1) (ખ) મુજબ કુલ 19 સેનાનીઓની ભાવનગર રાજ્યે ધરપકડ કરી. જેમાં ડો. કેશવલાલ ઠક્કર, જગુભાઈ પરીખ, આત્મારામભાઈ ભટ્ટ, વજુભાઇ શાહ,

જાદવજીભાઈ મોદી, અલ્લુભાઈ મણિયાર, અહમદઅલી વોરા, કાગદી ચુનીલાલ છગનલાલ, જગજીવન સંઘવી, કાંતિલાલ શાહ, છેલશંકર ઓઝા, લાભશંકર રામશંકર વાળિયા, કાળુભાઇ રામજીભાઈ, ગૌરીશંકર ચતુર્વેદી, ખોઝા રજબઅલી  લાખાણી, કોળી જેરામ કાના, દવે ઘનશ્યામલાલ છોટાલાલ અને ખાટકી રહેમાન લાખાણીનો સમાવેશ થતો હતો[13].

આ સિવાયના અન્ય અગ્રણ્ય નેતા શ્રી બળવંતરાય મહેતાની ધરપકડ તો તેઓ કોંગ્રેસ મહાસમિતિની મુંબઈ બેઠકમાં હાજરી આપી પાછા ભાવનગર આવતા હતા. ત્યારે સુરેન્દ્રનગર સ્ટેશન પર જ થઈ ગઈ હતી. એજ રીતે આંબલા દક્ષિણામૂર્તિ ગ્રામ્ય શાળાના સંચાલક શ્રી નાનાભાઈ ભટ્ટની [તા.27-08-1942] તેઓ ભાવનગર આવી રહ્યા હતા ત્યારે સ્ટેટ એજન્સીના સુબાએ સોનગઢ સ્ટેશન પર જ ધરપકડ કરી હતી[14].

આમ મોટાભાગના અગ્રગણ્ય નેતાની ધરપકડ પછી પણ ભાવનગર રાજયમાં લડત ચાલુ રહી હતી. [તા. 2-10-1942] ભાવનગર બંદર ઉપર હથિયાર ભરીને એક સ્ટિમર આવી છે એવા સમાચાર મળતા તેને બંદર ઉપર ઉતારતા અટકાવવા માટે સત્યાગ્રહીઓએ પિકેટિંગ કરવાનું નક્કી કર્યું. વહેલી સવારે બે હજાર સ્ત્રી-પુરુષો સુત્રોચ્ચાર સાથે બંદરના રસ્તે નીકળી પડ્યા. ડોકએસ્ટેટને પ્રોટેક્ટેડ વિસ્તાર તરીકે રાજ્યએ જાહેર કરેલ હતો. આથી પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ લાઠીચાર્જને કારણે ચારને ગંભીર ઇજા થઈ હતી. અને એક નું મૃત્યુ થયું હતુ[15].

કેટલાક સૈનિકોની રસ્તામાં જ ધરપકડ કરવામાં આવી. જ્યારે દેવેન્દ્ર મોતીભાઈ દેસાઈ, મનુભાઈ રાજારામ પંચોલી (દર્શક), વકીલ પ્રહલાદરાય ઈશ્વરલાલ મોદી, વગેરે અગ્રણ્યોની ગેરકાયદેસર પ્રવેશ કરવા બદલ ધરપકડ કરવામાં આવી. આમ કુલ 111 સૈનિકોની ધરપકડ કરવામાં આવી. તેમના પર ભાવનગર રાજયની ફોજદારી અદાલતમાં કેસ ચાલ્યો અને તેમને નીચે મુજબની સજાઓ થઈ.

1. મુખ્ય સેનાનીની બે વર્ષની સખત મજૂરીની સાથે કેદની સજા અને 2000 રૂપિયા દંડ, દંડ ન ભરે તો વધુ 6 માસની સખત કેદની સજા

2. 51 સૈનિકોને 1000 રૂપિયા દંડ, દંડ ન ભરે તો એક માસની આસાન કેદની સજા.

3. 18 સૈનિકોને 500 રૂપિયા દંડ ન ભરેતો 15 દિવસની આસાન કેદની સજા.

બાકીના ને નાની મોટી સજાઓ અથવા જામીન લઈને છોડી મૂકવામાં આવ્યા[16].

સત્યાગ્રહીઓને થયેલો દંડ અને કેદની સજાનો વિરોધ કરવાનું બહાર રહેલા બહેનોએ નક્કી કર્યું. ત્યારબાદ [તા.21 ઓકટોબર, 1942 ના રોજ સાંજના] આંબાચોકમાં એક વિશાળ જાહેર સભામાં બહેનોનું એક વિશાળ સરઘસ [23-10-1942 નાં રોજ] કાઢવાનું એલાન કરવામાં આવ્યું. આ સરઘસ મહારાણી સાહેબને એક આવેદન પત્ર આપે એમ નક્કી થયું. નક્કી થયેલ સમય મુજબ [તા.23 નાં રોજ] બહેનોનું એક વિશાળ સરઘસ નીકળ્યું, અને સુત્રોચ્ચાર પોકારતુ મહારાણી સાહેબના નિવાસસ્થાને પહોચ્યું. "મહારાણી સાહેબની તબિયત સારી નથી તેથી તે મળશે નહીં" તેમ સરઘસના આગેવાન બહેનો, સમરથબહેન, ગોમતીબહેન પાઠક, હીરાબહેન શાહ, વસંતબહેન શાહ, તારાબહેન શાહને જણાવવામાં આવ્યું. આમ છતાં બહેનોનું સરઘસ વિખેરાયું નહીં. દોઢસો બસો બહેનોના સરઘસને જોવા બે ત્રણ હજાર માણસો ભેગા થાય હતા. આખી રાત બહેનો રાણી સાહેબના નિવાસની સામે બેસી રહ્યા. બીજે દિવસે [એટલે કે કે 24-10-1942] નાં રોજ આવેદનપત્ર રાણી સાહેબાને મોકલવા અધિકારીઓ સમંત થયા. આવેદનપત્ર આપ્યા પછી પણ સરઘસ વિખેરાયું નહીં, આથી પોલીસે બહેનો પર લાઠીચાર્જ કર્યો. આ લાઠીચાર્જ માં 9 જણને ઇજા થઈ. જેમાં પાંચને સામાન્ય ઇજા થઈ જ્યારે ચારને ગંભીર ઇજા થઈ હતી.

આ બનાવ પછી તરતજ રાજયના દીવાન અનંતરાય પટ્ટણીએ [તા. 23-10-1942થી] એક માસ સુધી શહેર ભાવનગરની મ્યુનિસિપલની હદની આસપાસ 8 માઈલની હદની અંદર કોઈ પણ સ્થળે સભા, સરઘસ, પ્રભાતફેરી કાઢવાની તેમજ પાંચ અથવા પાંચથી વધારે માણસોની મંડળીને જાહેર કે ખાનગી સ્થળે ભેગા થવા ઉપર પ્રતિબંધ મૂક્યો. આમ છતાં [29 સપ્ટેમ્બર 1942] સત્યાગ્રહીઓની એક ટૂકડીએ નવાબંદર ઉપર પિકેટિંગ કરવા પ્રયાસ કર્યો હતો[17]. રાજયની પોલીસે તેમની ધરપકડ કરી હતી. આ પ્રતિબંધ પછી ભાવનગર રાજયમાં લડત મંદ પડી હતી. આમ છતાં પણ નાના મોટા બનાવોના છમકલા ચાલુ રહ્યા હતા.

## ઉપસંહાર :

ભાવનગર રાજ્યના શાસકો પ્રજાપ્રિય હોવાને લીધે રાષ્ટ્રીય ચળવળ દરમિયાન ભાવનગર રાજ્યમાં મોટા કોઇ હિંસક બનાવો બન્યા નથી તેમ છતાં શામળદાસ કોલેજમાં વિધાર્થિઓ દ્વારા કોલેજ બંધ પાળવામાં આવ્યું હતું અને ભાવનગરના ઘોઘા સર્કલ પાસે આવેલા શ્રી વજુભાઇ શાહના ઘરે ઇન્કલાબ લડતનું આયોજન કરવામાં આવ્યું હતું. અને 'આઝાદી' નામની પત્રિકા શ્રી બાબુભાઇ શાહે બહાર પાડી હતી. આ ઉપરાંત નાનુભાઇ ચળવળથી અલિપ્ત રહેવાનો દેખાવ કરી ગુપ્ત રીતે ચળવળમાં

પોતાની ભાગીદારી નોંધાવતા હતા. ભાવનગર રાજ્યના રેલ્વેના ગઢેચી વર્કશોપમાં બીજા વિશ્વયુદ્ધની સામગ્રી તૈયાર થઇ રહી છે તેવા સમાચાર મળતા 30 ઓગસ્ટ 1942 ના રોજ શ્રી જગુભાઇ પરિખની આગેવાની નીચે પિકેટિંગ કરવાનું નક્કિ કરવામાં આવ્યું. પરંતુ ભાવનગર રાજ્યને તેની ખબર પડી જતાં બીજે દિવસે સવારે 19 સેનાનીઓની ધરપકડ કરવામાં આવી. જેમાં ડૉ.કેશવલાલ ઠક્કર, જગુભાઇ પરિખ, આત્મારામભાઇ ભટ્ટ, વજુભાઇ શાહ, જાદવભાઇ મોદી વગેરેનો સમાવેશ થતો હતો. બળવંતરાય મહેતાની ધરપકડતો મુંબઇથી પાછા ભાવનગર આવતા સુરેન્દ્રનગર સ્ટેશન ઉપરજ કરવામાં આવી હતી. આમ છતાં ભાવનગર રાજ્યમાં લડત ચાલુ રહી હતી.

******

## પાદનોંધ

1. **'ભાવનગર સમાચાર'**, 18 મે-1946, પૃ.1,2
2. એજન, 8 મે-1947, પૃ.2
3. એજન, 10 મે-1947, પૃ.11
4. એજન, પૃ.9
5. એજન, 10 મે-1947, પૃ.9
6. એજન, 31 ઓક્ટો-1941, પૃ.3
7. જાલા, ભાલ અને કોરાટ, **'ભાવનગર ની અસ્મિતા ગ્રંથ -1'**, પૃ. 111,112
8. **'ભાવનગર સમાચાર'**, 31 ઓક્ટો-1941, પૃ.3
9. એજન, 15 ડિસેમ્બર-1941, પૃ.1
10. એજન, પૃ.3
11. જાલા, ભાલ અને કોરાટ, **'ભાવનગર ક્ષેત્રની અસ્મિતા ભાગ-1'** , પૃ.109
12. ડો. દેસાઈ મેહબૂબ, **'ભાવનગર રાજય પરિષદ અને પ્રજાકીય ચળવળ'**, પૃ.144
13. **'ભાવનગર સમાચાર'**, 15 ઓગષ્ટ-1942, પૃ.9,10
14. એજન, 30 ઓગષ્ટ -1942, પૃ.13
15. ડો. દેસાઈ મેહબૂબ, **'ભાવનગર રાજય પ્રજાપરિષદ અને પ્રજાકીય ચળવળ'**, પૃ.4
16. **'ભાવનગર સમાચાર'**, 31 ઓક્ટોમ્બર-1942, પૃ.4
17. એજન, પૃ.4

******